सत्यमेव जयते

| | | | | |
|---|---|---|---|---|
| રજુ તારીખ | : | ૨૪/૦૬/૨૦૨૪ | | |
| દાખલ તારીખ | : | ૨૪/૦૬/૨૦૨૪ | | |
| ફેંસલ તારીખ | : | ૧૦/૦૪/૨૦૨૬ | | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૧ | ૦૯ | ૧૭ |

**વાગરાના મહે. ન્યાયિક મેજિસ્ટ્રેટ પ્રથમ વર્ગ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ:–વાગરા.**

**ફોજદારી કેસ નંબર : ૧૩૦૭/૨૦૨૪**

**આંક :–**

**ફરીયાદી :** શ્રી સરકાર,
દહેજ પોલીસ સ્ટેશન,
તા. વાગરા, જિ. ભરૂચ.

**વિરુધ્ધ.**

**આરોપી :** **સંજય કાનુલા ડેબનાથ**
હાલ રહે. રૂમ નં. ૩૨, વેલકમ સોસાયટી, જોલવા,
તા. વાગરા, જિ. ભરૂચ.
મુળ રહે. ચંપાહાટી પોસ્ટ, સમુદ્રગઢ, જિ. પૂર્બ બર્ધમાન,
વેસ્ટ બંગાળ(કલકતા)

**ગુન્હો :** **ઈ. પી. કો. કલમ–૩૩૬ તથા મેડીકલ પ્રેકટીશનર એકટની કલમ–૩૦, ૩૩ મુજબ**

| | |
|---|---|
| // ફરીયાદી તરફે વિ. એ.પી.પી.................... શ્રી જે. જી. વસાવા // | |
| // આરોપી તરફે વિ.વ.............................. શ્રી એસ.આર.ભટ્ટી // | |

## :: જજમેન્ટ ::

### (૧) ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકિકત :–

ફરીયાદપક્ષની કેસની ટૂંકમાં હકિકત એવી છે કે, તા. ૨૪/૦૫/૨૦૨૨ ના રોજ કલાક ૧૯:૦૦ વાગ્યે મોજે જોલવા ગામે અવધ પ્લાઝા શોપીંગ સેન્ટર ભાડાની દુકાનમાં આ કામના તહોમતદારે ગુજરાત મેડીકલ કાઉન્સીલ તથા ઈન્ડીયન મેડીકલ કાઉન્સીલની કોઈ માન્યતા પ્રાપ્ત મેડીકલ પ્રેકટીસ અંગેની ડીગ્રી નહી ધરાવતા હોવા છતાં પોતે પોતાના કબજાના ખાનગી દવાખાનામાં મેડીકલ સામાન તથા એલોપેથીક દવાઓ રાખી ડીગ્રી વગર ડોકટર તરીકે દર્દીઓના સ્વાસ્થયને નુકસાન થાય તથા જીવ જોખમમાં મુકાય તે રીતે ખાનગી મેડીકલ પ્રેકટીશ કરી મેડીકલ દવા તથા અન્ય સાધન સામગ્રી મળી કુલ કિ. રૂા. ૯,૫૦૭/– ના મુદ્દામાલ સાથે મળી આવી આરોપીએ ઈ.પી.કો. કલમ–૩૩૬ તથા મેડીકલ પ્રેકટીશનર એકટની કલમ–૩૦, ૩૩ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કર્યાનો આરોપ છે.

### (૨) પોલીસ કાર્યવાહી :–

આમ, ઉપરોકત હકિકત મુજબની ફરીયાદ ફરીયાદીએ દહેજ પોલીસ સ્ટેશનમાં દાખલ કરતાં દહેજ ગુ. ર. નં. ૧૧૧૯૯૦૧૬૨૨૦૪૦૨/૨૦૨૨ થી ગુનો દાખલ કરેલ, જે ફરીયાદના કામે તપાસ કરનાર અમલદારશ્રીએ આરોપી વિરુઘ્ધની દહેજ પોલીસ સ્ટેશનમાં નોંઘાવેલા ગુનાની સંપૂર્ણ તપાસ કરી, લાગતા વળગતા સાહેદોનાં નિવેદનો મેળવીને તપાસના અંતે આ કામના આરોપી વિરુઘ્ધ પુરતા પુરાવા મળી આવતા ઈ.પી.કો. કલમ–૩૩૬ તથા મેડીકલ પ્રેકટીસનર એકટની કલમ–૩૦, ૩૩ મુજબનાં ગુનાની ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરેલ છે.

## (૩) કોર્ટ કાર્યવાહી :–

આ કામે ત. ક. અધિકારીશ્રી દવારા આરોપી સામે અત્રેની કોર્ટમાં ચાર્જશીટ દાખલ કર્યા બાદ આરોપીને સમન્સ કાઢવામાં આવતા આરોપી તેમના વિધ્વાન વકિલશ્રી મારફત અદાલતની રૂબરૂ ઉપસ્થિત થતા આરોપીને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળોની નકલ વિના મુલ્યે આપ્યા બદલની ખાતરી કર્યા બાદ આરોપી સામે **આંક–૦૨** થી પ્લી નોંધવામાં આવતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરેલો, જેથી સદર કામ પુરાવા પર રહેલ.

## (૪) ફરીયાદપક્ષનો પુરાવો

ફરીયાદપક્ષ તરફે પોતાનાં કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે, જે નીચે મુજબ છે.

### મૌખિક પુરાવો

| ક્રમ | સાહેદ | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી/એ.એસ.આઈ. હરેશભાઈ રામકૃષ્ણભાઈની જુબાની | ૦૩ |
| ૨ | પંચ જીવણભાઈ છોટુભાઈ રાઠોડની જુબાની | ૦૬ |
| ૩ | સાહેદ પો.કો. સુરેશભાઈ રામસિંગભાઈની જુબાની | ૦૯ |
| ૪ | સાહેદ પો.કો.મહંમદગુફરાન મહંમદઆરીફની જુબાની | ૧૦ |
| ૫ | ત.ક.અ./અ.હે.કો. ક્રિપાલસિંહ જગદિશભાઈની જુબાની | ૧૨ |
| ૬ | પંચ રાજેન્દ્રસિંહ પ્રભાતસિંહ બારડની જુબાની | ૧૪ |

### દસ્તાવેજી પુરાવો

| ક્રમ | દસ્તાવેજ | આંક |
|---|---|---|
| ૧ | અસલ ફરીયાદ | ૦૪ |
| ૨ | રેઈડ અંગેના પંચનામાની ખરી નકલ | ૦૭ |

આ સિવાય ફરીયાદપક્ષે કોઈ પુરાવો આપેલ નથી અને ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીનાં આધારે ફરીયાદપક્ષનો પુરાવો બંધ કરવામાં આવેલ છે.

(૫) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં આ કામે આરોપીનું સી.આર.પી.સી. ની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવેલ, જેમાં આરોપીએ ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવાનો ઈન્કાર કરેલ છે અને પોતે સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે પોતાનાં બચાવમાં કોઈ સાહેદને પણ તપાસેલ નથી. આરોપીએ વિશેષમાં જણાવેલ છે કે, ''અમો આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા ન હોવા છતાં ખોટી બાતમીના આધારે ખોટી રેઈડ કરી, ખોટી ચાર્જશીટ રજુ કરેલ હોય અમો આરોપીએ કહેવાતો કોઈ ગુનો કરેલ ન હોવા છતાં અમોને ખોટી રીતે સદર કેસમાં આરોપી બનાવેલા હોય, ન્યાયના હિતમાં અમોને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરશોજી.''

**(૬) દલીલો :–**

સદર કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી. શ્રી જે. જી. વસાવા તથા આરોપી તરફે વિ. વ. શ્રી એસ.આર.ભટ્ટીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૭) આ કામે ઉભય પક્ષકારો તરફે કરવામાં આવેલ દલીલો, ફરીયાદ તથા રેકર્ડ ઉપર આવેલ પુરાવો વંચાણે લેતા હાલનાં કેસનાં નિર્ણય માટે આ અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુદ્દાઓ :–**

**મુદ્દા નં.૧** :– શું ફરીયાદપક્ષ એ હકિકત નિ:શંકપણે પુરવાર કરે છે કે,

તા. ૨૪/૦૫/૨૦૨૨ ના રોજ કલાક ૧૯:૦૦ વાગ્યે મોજે જોલવા ગામે અવધ પ્લાઝા શોપીંગ સેન્ટર ભાડાની દુકાનમાં આ કામના તહોમતદારે ગુજરાત મેડીકલ કાઉન્સીલ તથા ઈન્ડીયન મેડીકલ કાઉન્સીલની કોઈ માન્યતા પ્રાપ્ત મેડીકલ પ્રેકટીસ અંગેની ડીગ્રી નહી ધરાવતા હોવા છતાં પોતે પોતાના કબજાના ખાનગી દવાખાનામાં મેડીકલ સામાન તથા એલોપેથીક દવાઓ રાખી ડીગ્રી વગર ડોકટર તરીકે દર્દીઓના સ્વાસ્થયને નુકસાન થાય તથા જીવ જોખમમાં મુકાય તે રીતે ખાનગી મેડીકલ પ્રેકટીશ કરી મેડીકલ દવા તથા અન્ય સાધન સામગ્રી મળી કુલ કિ. રૂા. ૯,૫૦૭/– ના મુદ્દામાલ સાથે મળી આવી આરોપીએ ઈ.પી.કો. કલમ–૩૩૬ તથા મેડીકલ પ્રેકટીશનર એકટની કલમ–૩૦, ૩૩ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કર્યો છે ?

**<u>મુદ્દા નં.૨</u>** :– શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાઓના મારા મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.

**<u>–: નિર્ણયો :–</u>**

**<u>મુદ્દા નં. ૧</u>** :– નકારમાં.

**<u>મુદ્દા નં. ૨</u>** :– આખરી હુકમ મુજબ

**<u>–: કારણો :–</u>**

**<u>મુદ્દા નં.૧</u>**

(૯) આ કામે ફરીયાદપક્ષનાં સૌપ્રથમ ફરીયાદી/એ.એસ.આઈ. હરેશભાઈ રામકૃષ્ણભાઈને **આંક–૦૩** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, તા. ૨૪/૦૫/૨૨ નાં રોજ અમો તથા એસ.ઓ.જી. સ્ટાફનાં

એ.એસ.આઈ. ગોવિંદરાવ લક્ષ્મણરાવ તથા પો.કો. સુરેશભાઈ રામસંગભાઈ તથા મોહંમદ ગુફરાન મોહંમદ આરીફનાઓ સાથે એ.ટી.એસ. ચાર્ટર મુજબની કામગીરીમાં નિકળ્યા હતા તે દરમ્યાન હકીકત મળેલ કે, જોલવા ગામનાં બજારમાં આવેલ શોપીંગ સેન્ટરમાં સંજય કાનુલા દેબનાથ એક ભાડાની દુકાનમાં મેડીકલ ડિગ્રી વગર દવાખાનું ચલાવે છે. બાતમી આધારે નજીકમાંથી બે પંચોનાં માણસો બોલાવી હકીકતથી વાકેફ કરી સદર બાતમીવાળી જગ્યાએ તપાસ કરતા દુકાનની અંદરનાં ભાગમાં તપાસ કરતા એક ઈસમ સ્ટેથોસ્કોપ લગાવી બેસેલ હતો, તેમને પંચો રૂબરૂ નામઠામ પુછતા તેણે પોતાનું નામ સંજય કાનુલા દેબનાથ, હાલ રહે. જોલવા, તા. વાગરા, મુળ રહે. પશ્ચીમ બંગાળનો હોવાનું જણાવેલ. સદર ઈસમ પાસે મેડીકલ પ્રેકટીસ અંગેનું સર્ટીફીકેટ માંગતા પોતાની પાસે નહી હોવાનું જણાવેલ, જેથી સદર ઈસમ ગેરકાયદેસર રીતે એલોપેથીક દવાનું મેડીકલ પ્રેકટીસ કરતા હોવાનુ જણાઈ આવતા દુકાનમાં એલોપેથીક દવા તથા સામાન મળી કુલ રૂા. ૯,૫૦૭/– નો મુદ્દામાલ પંચનામાની વિગતે તપાસ અર્થે કબજે કરેલ, જેથી સદર સંજય કાનુલા દેબનાથ કોઈ મેડીકલ ડિગ્રી વગર એલોપેથીક દવા આપે છે અને જીવને જોખમ થાય તેવું દવાખાનું ચલાવતા હોય, તેથી આરોપી વિરૂધ્ધ કાયદેસર થવા ફરીયાદ આપેલ. મને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જે જોઈને હુ કહુ છુ કે તેમાં મારી સહી છે જે હુ ઓળખી બતાવુ છુ. સદર ફરીયાદ **આંક–૦૪** થી રજુ કરવામાં આવેલ છે. ફરીયાદી આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવે છે.

ત્યારબાદ ફરીયાદી આરોપીનાં વિ.વ.શ્રી દ્વારા કરવામા આવેલ ઉલટતપાસમાં એ હકિકત કબુલ કરે છે કે, રેઈડમાં કયા વાહનમાં ગયેલા તે મારી ફરીયાદમા જણાવેલ નથી. કેટલા વાગ્યે રેઈડ કરેલ તેનો ચોકકસ સમય ફરીયાદમાં જણાવેલ નથી. એસ.ઓ.જી. ઓફીસમાં સ્ટેશન ડાયરી હોતી નથી. પંચોને કેટલા

વાગ્યે અને કયા માધ્યમથી બોલાવેલ તે મારી ફરીયાદમા જણાવેલ નથી. ફરીયાદમાં પંચોના નામ–ઠામ જણાવેલ નથી. બનાવ સ્થળ વસ્તીવાળો વિસ્તાર છે. તેઓ એ હકિકત કબુલ કરે છે કે, રેઈડ દરમ્યાન આરોપી પાસે કોઈ વ્યકિત સારવાર લેતુ હોય તેવુ બનેલ નથી. રેઈડ દરમ્યાન મોબાઈલ સિવાય બીજા કોઈ ઈલેકટ્રીક ગેઝેટ સાથે રાખેલ નહી. તેઓ એ હકિકત નો ઈન્કાર કરે છે કે આરોપી પાસે કહેવાતો કોઈ મુદ્દામાલ ન હોવા છતા તથા આરોપી આવી કોઈ મેડીકલ પ્રેકટીશ ન કરતા હોવા છતા ખોટી ફરીયાદ દાખલ કરેલ છે.સાહેદ જણાવે છે કે, રેઈડમાં અમો તથા એ.ઓ.જી. સ્ટાફના એ.એસ.આઈ. ગોવિંદરાવ લક્ષમણરાવ તથા પો.કો. સુરેશભાઈ રામસંગભાઈ તથા પો.કો. મોહંમદ ગુફરાન મોહંમદ આરીફ ગયેલા હતા.

(૧૦) ત્યારબાદ, ફરીયાદપક્ષે પંચ સાહેદ જીવણભાઈ છોટુભાઈ રાઠોડને **આંક–૦૬** થી તથા પંચ સાહેદ રાજેન્દ્રસિંહ પ્રભાતસિંહ બારડને **આંક–૧૪** થી તપાસેલ છે, તેઓને રેડમાં ગયા અંગેનું પંચનામું બતાવવામાં આવતા તેમાં તેઓની સહી ઓળખી બતાવતા હોય, જે પંચનામું **આંક–૦૭** થી રજુ કરવામાં આવેલ છે. આ સહી તેઓએ જોલવા ગામના બસ સ્ટેન્ડે કરેલી પરંતુ કયારે કરેલ તેની તેઓને ખબર નથી. સદર પંચનામુ કઈ બાબતનુ હતુ તેની તેઓને ખબર નથી. પોલીસે તેઓને પંચનામા વિશે કાંઈ જણાવેલ નથી. સહી કર્યા સિવાય તેઓ કશું જાણતા નથી. સદર બન્ને પંચ સાહેદ પંચનામાંની હકિકતોને સમર્થન આપતા ન હોય, ત્યારબાદ વિ. એ. પી. પી. શ્રીએ તેઓને ફરી ગયેલા જાહેર કરેલ છે અને ત્યારબાદની વિ. એ. પી. પી. શ્રીની વિગતવારની ઉલટતપાસમાં પણ તેઓએ પંચનામાંની હકિકતોનો ઈન્કાર કરેલ છે.

સદર પંચ સાહેદોની આરોપીના વિ.વ.શ્રી તરફે કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

(૧૧) ત્યારબાદ, આ કામે ફરીયાદપક્ષે પો.કો. સુરેશભાઈ રામસીંગભાઈને **આંક-૦૯** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, તા. ૨૪/૦૫/૨૦૨૨ ના રોજ પી.આઈ. એ.બી.કોઠીયા સાહેબનાઓ સાથે હે.કો. ગોવિંદરાવ, હે.કો. હરેશભાઈ રામકૃષ્ણ નાઓ સાથે દહેજ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે વખતે માહીતી મળેલ કે, જોલવા ગામમાં આવેલ અવધ પ્લાઝા નામના શોપીંગ સેન્ટરમાં એક દુકાનમાં તમો સંજય કાનુલાલ દેલનાથનાઓ બોગસ દવાખાનુ ચલાવે છે, જે માહીતી આધારે બે પંચોને સાથે રાખી રેડ કરતા ત્યાં તમો ડો.સંજય કાનુલાલ ડેલનાથ નામનો વ્યક્તિ ત્યાં હાજર મળી આવેલ. દવાખાનુ ચલાવવા બાબતે પુછતા તેણે કોઈ દસ્તાવેજ આપેલ નહી. જે આધારે કુલ ૯૫૦૭/- રૂપિયાની દવા કબજે કરેલી. બનાવ અંગે પોલીસ સ્ટેશનમાં ફરીયાદ હે.કો. હરેશભાઈ રામકૃષ્ણનાઓએ આપેલી.

ત્યારબાદ સાહેદ આરોપીનાં વિ.વ.શ્રી દ્વારા કરવામા આવેલ ઉલટતપાસમાં એ હકિકત કબુલ કરે છે કે,બાતમી કયા માધ્યમથી અને કેટલા વાગ્યે મળેલ તે હકિકત મારા નિવેદનમાં જણાવેલ નથી. રેઈડ વાળી જગ્યાએ પ્રાઈવેટ વાહનમાં ગયેલા. આ પ્રાઈવેટ વાહનની વિગત મારા નિવેદનમાં લખાવેલ નથી. કબજે કરેલ દવાઓ તથા સામાન સામાન્ય રીતે બજારમાં મળી આવે. બાતમીવાળો વિસ્તાર વસ્તીવાળો વિસ્તાર છે.

(૧૨) ત્યારબાદ, આ કામે ફરીયાદપક્ષે પો.કો. મહંમદગુફરાન મહંમદઆરીફને **આંક-૧૦** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, તા. ૨૪/૦૫/૨૦૨૨ ના રોજ અમો તથા પી.આઈ. વી.બી.કોઠીયા સાહેબ તથા હે.કો. હરેશભાઈ, હે.કો. ગોવિંદરાવ, પો.કો. સુરેશભાઈનાઓ સાથે એ.ટી.એસ.ચાર્ટરની કામગીરીમાં હતા તે દરમ્યાન માહીતી મળેલ કે, જોલવા ખાતે આવેલ અવધ પ્લાઝા શોપિંગ સેન્ટરમાં તમો સંજય દેબનાથ નામનો ઈસમ મેડીકલ ડીગ્રી વગર ખાનગી દવાખાનુ ચલાવે છે. જે માહીતી આધારે નજીકમાંથી બે પંચો બોલાવી બાતમી હકીકત અંગે વાકેફ કરી તેમને સાથે રાખી અવધ પ્લાઝા

ખાતે આવેલ દવાખાનામાં જતા એક ઈસમ ખુરશી પર બેસેલ હતો જેના ગળામાં સ્ટેથોસ્કોપ ભરાવેલ હતુ. પંચો રૂબરૂ તેનુ નામઠામ પુછતા તેણે પોતાનુ નામ સંજય દેબનાથ જણાવેલ. તેની પાસે આ દવાખાનુ ચલાવવા માટે કોઈ સર્ટીફીકેટ કે મેડીકલ રજિસ્ટ્રેશન કરાવેલ હોય તે અંગે પુરાવો માંગતા તેની પાસે કોઈ પુરાવા હતા નહી. પંચો રૂબરૂ દવાઓ તથા સામાન મળી કિ.રૂા.૯,૫૦૭/– કબજે કરી દહેજ પોલીસ સ્ટેશનમાં કાયદેસરની કાર્યવાહી કરવા ગુનો દાખલ કરવામાં આવેલ.

ત્યારબાદ સાહેદ આરોપીનાં વિ.વ.શ્રી દ્વારા કરવામા આવેલ ઉલટતપાસમાં એ હકિકત કબુલ કરે છે કે, બાતમીવાળી જગ્યાએ કેટલા વાગ્યે પહોંચેલ તે હકિકત મારા નિવેદનમાં જણાવેલ નથી. બાતમીવાળી જગ્યાએ કયા વાહનમાં નિકળેલ તે વિગત મારા નિવેદમાં જણાવેલ નથી. પંચોના નામ સરનામા મારા નિવેદનમાં જણાવેલ નથી. બાતમીવાળો વિસ્તાર વસ્તીવાળો વિસ્તાર છે. મારા નિવેદનમાં જણાવેલ દવાઓ અને સમાન મેડીકલ સ્ટોરમાંથી સામાન્ય રીતે મળી શકે. બાતમીવાળી જગ્યાએ ગોવિંદભાઈ, સુરેશભાઈ, કિંપાલસિંહનાઓ સાથે અમે હતા.

**(૧૩)** ત્યારબાદ, આ કામે ફરીયાદપક્ષે ત.ક.અધિકારી/અ.હે.કો. ક્રિપાલસિંહ જયદિશભાઈને **આંક–૧૨** થી તપાસેલ છે, તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, હું તા. ૨૪/૦૫/૨૦૨૨ ના રોજ દહેજ પોલીસ સ્ટેશન ખાતે ફરજ બજાવતો હતો તે વખતે દહેજ પો.સ્ટે.ના પી.એસ.ઓ.શ્રી અ.હે.કો. કુતબુદ્ધીન અમરૂદ્ધીનનાઓએ દહેજ પો.સ્ટે.બી પાર્ટ ગુના રજિસ્ટર નંબર ૪૦૨/૨૦૨૨ ઈ.પી.કો. કલમ–૩૩૬ તથા મેડીકલ પ્રેક્ટીશનર એક્ટની કલમ–૩૦, ૩૩ મુજબનો ગુનો રજિસ્ટર કરી તેની તપાસ અમોને સોંપતા સદર ગુનાની તપાસ મે સંભાળી લઈ લીધેલ. જે ગુનાના કાગળો જોતા તેમાં પી.એસ.ઓ. શ્રીએ આપેલ તપાસના હુકમ તથા અ.હે.કો. હરેશ રામકૃષ્ણ એસ.ઓ.જી. શાખા ભરૂચનાઓએ પી.આઈ. વી.બી.કોઠીયા નાઓના રૂબરૂની ફરીયાદ આપેલ હતી, જે આધારે લાગતા વળગતા સાહેદોના નિવદનો લીધેલા તેમજ તા. ૨૫/૦૫/૨૦૨૨ ના કલાક ૧૫.૦૦ વાગે આરોપી સંજય કાનુલા દેબનાથ, રહે. જોલવા, વેલકમ સોસાયટી, તા.વાગરા, જિ.ભરૂચ, મૂળ

રહે.પશ્ચિમ બંગાળને અટક કરી આરોપીનુ નિવદન લેવામાં આવેલ અને તેમની પાસે મેડીકલને લગતા લાયકાતના પુરાવા માંગતા તેમની પાસે નહી હોવાનુ જણાવેલ અને યોગ્ય જામીન આપતા તેમને જામીનપર મુક્ત કરવામાં આવેલ. આરોપી વિરુધ્ધ પુરતા પુરાવા હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ. આરોપીને જોયેથી ઓળખે છે.

ત્યારબાદ સાહેદ આરોપીનાં વિ.વ.શ્રી દ્વારા કરવામા આવેલ ઉલટતપાસમાં એ હકિકત કબુલ કરે છે કે, બનાવવાળી જગ્યા વસ્તીવાળો વિસ્તાર છે અને આસપાસ ઘણી બધી દુકાનો છે અને માણસોની અવર જવર રહે છે. આ કામે પોલીસ સાહેદ સિવાય અન્ય કોઈ ત્યાના રહિશોના નિવેદનો લીધેલ નથી. ફરીયાદમાં કે સાહેદોના નિવેદનમાં પંચોના નામ સરનામા જણાવેલ નથી. બનાવ અંગેની બાતમી કયા માધ્યમથી મળેલ તે હકિકત ફરીયાદમાં કે સાહેદોના નિવેદનમાં જણાવેલ નથી. મેડીકલના સાધનો જેવા કે સ્ટેથોસ્કોપ બજારમાં મળી આવે છે. બનાવવાળી જગ્યાએ મારે જવાનો પ્રસંગ બનેલ નથી.

**(૧૪)** આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને જયાં સુધી આરોપી સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવુ જોઈએ. વધુમા ફરીયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરીયાદ પક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવુ જોઈએ.

**(૧૫)** આમ, ફરીયાદપક્ષે રજુ થયેલો સમગ્ર પુરાવો વંચાણે લેતા, આ કામે **આંક–૦૭** થી રજુ રેઈડમાં ગયા અંગેનું તથા મુદ્દામાલ રીકવર કર્યાનાં પંચનામાનાં પંચ સાહેદોને **આંક–૦૬ અને આંક–૧૪** થી તપાસેલ છે, સદર પંચ સાહેદે પંચનામાની હકિકતોને લેશમાત્ર સમર્થન આપેલ ન હોય હોસ્ટાઈલ જાહેર થયેલ

છે અને ત્યારબાદની વિ.એ.પી.પી.શ્રીની વિગતવારની ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષને મદદકર્તા કોઈ જ હકિકત રેકર્ડ ઉપર આવવા પામેલ નથી. આમ, ઉકત પંચનામું ફરીયાદપક્ષ ધોરણસર રીતે પુરવાર કરી શકેલ નથી.

વધુમાં આ કામે **આંક–૦૩** થી તપાસેલ ફરીયાદીનો પુરાવો જોવામાં આવે તો, તેઓ સરતપાસનાં ભાગે ફરીયાદપક્ષને સમર્થનકારી જુબાની આપે છે, જયારે બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં કબુલ કરે છે કે, રેઈડમાં કયા વાહનમાં ગયેલા તે તેઓની ફરીયાદમા જણાવેલ નથી. કેટલા વાગ્યે રેઈડ કરેલ તેનો ચોકકસ સમય ફરીયાદમાં જણાવેલ નથી. પંચોને કેટલા વાગ્યે અને કયા માઘ્યમથી બોલાવેલ તે મારી ફરીયાદમા જણાવેલ નથી. ફરીયાદમાં પંચોના નામ–ઠામ જણાવેલ નથી. બનાવ સ્થળ વસ્તીવાળો વિસ્તાર છે. તેઓ એ હકિકત કબુલ કરે છે કે, રેઈડ દરમ્યાન આરોપી પાસે કોઈ વ્યકિત સારવાર લેતુ હોય તેવુ બનેલ નથી. રેઈડ દરમ્યાન મોબાઈલ સિવાય બીજા કોઈ ઈલેકટ્રીક ગેઝેટ સાથે રાખેલ નહી. વધુમાં આંક–૦૯ થી તપાસેલ સાહેદનો પુરાવો ઘ્યાને લેવામાં આવે તો તેઓ ફરીયાદીના પુરાવા સમાન પુરાવો આપી ફરીયાદપક્ષને સમર્થન કરે છે જયારે બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં કબુલ કરે છે કે, બાતમી કયા માઘ્યમથી અને કેટલા વાગ્યે મળેલ તે હકિકત મારા નિવેદનમાં જણાવેલ નથી. રેઈડ વાળી જગ્યાએ પ્રાઈવેટ વાહનમાં ગયેલા. આ પ્રાઈવેટ વાહનની વિગત મારા નિવેદનમાં લખાવેલ નથી. કબજે કરેલ દવાઓ તથા સામાન સામાન્ય રીતે બજારમાં મળી આવે. તેમજ તેઓ એ હકિકત કબુલ કરે છે કે, બાતમીવાળો વિસ્તાર વસ્તીવાળો વિસ્તાર છે. વધુમાં આંક–૧૦ થી તપાસેલ સાહેદનો પુરાવો જોવામાં આવે તો તેઓ તેમની જુબાનીમાં ફરીયાદપક્ષને સમર્થન કરે છે જયારે આરોપીપક્ષે કરેલ તેમની ઉલટતપાસમાં કબુલ કરે છે કે, પંચોના નામ સરનામા નિવેદનમાં જણાવેલ નથી. બાતમીવાળો વિસ્તાર વસ્તીવાળો વિસ્તાર

છે. તેઓના નિવેદનમાં જણાવેલ દવાઓ અને સમાન મેડીકલ સ્ટોરમાંથી સામાન્ય રીતે મળી શકે. વધુમાં આંક–૧૪ થી તપાસેલ ત.ક.અ.નો પુરાવો જોવામાં આવે તો, તેઓ ફરજના ભાગરૂપે કરેલ કામગીરીનો પુરાવો આપે છે, જયારે બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં કબુલ કરે છે કે, બનાવવાળી જગ્યા વસ્તીવાળો વિસ્તાર છે અને આસપાસ ઘણી બધી દુકાનો છે અને માણસોની અવર જવર રહે છે. તેઓ એ હકિકત કબુલ કરે છે કે, આ કામે પોલીસ સાહેદ સિવાય અન્ય કોઈ ત્યાના રહિશોના નિવેદનો લીધેલ નથી. ફરીયાદમાં કે સાહેદોના નિવેદનમાં પંચોના નામ સરનામા જણાવેલ નથી. બનાવ અંગેની બાતમી કયા માધ્યમથી મળેલ તે હકિકત ફરીયાદમાં કે સાહેદોના નિવેદનમાં જણાવેલ નથી. તેઓ એ હકિકત કબુલ કરે છે કે, મેડીકલના સાધનો જેવા કે સ્ટેથોસ્કોપ બજારમાં મળી આવે છે. બનાવવાળી જગ્યાએ તેઓને જવાનો પ્રસંગ બનેલ નથી.

આમ, સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, આ કામે ફરીયાદી પેટ્રોલીંગ કરવા ગયેલ તે વાહનનો નંબર શું હતો હતો અને કયું વાહન હતું તેવી કોઈ જ હકિકત જણાવતા નથી. તેમજ દવાખાનું કોની માલિકીનું છે તેવો કોઇ પુરાવો ફરીયાદપક્ષે રજુ કરેલ નથી. સમગ્ર પુરાવો જોતા બનાવવાળો વિસ્તાર વસ્તીવાળો વિસ્તાર હતો અન્ય કોઈ સ્વતંત્ર સાહેદોનાં નિવેદનો હાલનાં કામે ત.ક.અધિકારી દવારા લેવામાં આવેલ નથી. તેમજ આ કામે કબજે કરવામાં આવેલ દવાઓ તપાસ માટે એફ.એસ.એલ.માં મોકલેલ નથી, જેથી સદર દવા એલોપેથીક છે કે નહિ તે પુરવાર થતું નથી. તેમજ બનાવવાળી દુકાન કોની માલિકીની છે તેની ત.ક.અધિકારી દવારા તપાસ કરેલી નહિ કે દુકાનના માલિકનો જવાબ લીધેલો નહિ કે તપાસના કામે દુકાનનો ભાડા કરાર કબજે લીધેલ હોય તેવી કોઈ હકિકત જણાઈ આવતી નથી. વળી દુકાનવાળો વિસ્તાર વસ્તીવાળો વિસ્તાર છે છતાં તેઓના કોઈ જવાબ લીધેલા નહિ. તેમજ કોઈ બિમાર વ્યકિતએ હાલનાં આરોપી પાસેથી

કોઈ સારવાર લીધેલ હોય તેવી કોઈ હકિકત ફરીયાદપક્ષ રેકર્ડ ઉપર લાવી શકેલ નથી કે તેવા કોઈ વ્યકિતઓનાં નિવેદનો પણ લેવામાં આવેલ નથી. ત.ક.અ. જો ઈચ્છે તો સરળતાથી તેમને સ્વતંત્ર સાહેદ મળી શકે તેમ હતા પરંતુ સદર કામે માત્ર પોલીસ સાહેદોને જ તપાસેલ છે જે હકિકત પણ ફરીયાદપક્ષના કેસને નબળો બનાવે છે.

**(૧૬)** આમ, ફરીયાદપક્ષે રજુ થયેલો સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદપક્ષ આરોપી સામે આક્ષેપાયેલા ગુનાનાં આવશ્યક તત્વો મુજબનો પુરાવો રજુ કરી નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે, જેથી **મુદ્દા નં.૧ નો જવાબ ''નકારમા''** ઠરાવી **મુદ્દા નં.૨** પરત્વે ન્યાયનાં વિશાળ હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## -:: હુકમ ::-

**(૧)** આ કામનાં આરોપી **સંજય કાનુલા ડેબનાથ** હાલ રહે. રૂમ નં. ૩૨, વેલકમ સોસાયટી, જોલવા, તા. વાગરા, જિ. ભરૂચ. મુળ રહે. ચંપાહાટી પોસ્ટ, સમુદ્રગઢ, જિ. પૂર્બ બર્ધમાન, વેસ્ટ બંગાળ(કલકતા)નાઓને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૫(૧) અન્વયે ઈ.પી.કોડની કલમ-૩૩૬ તથા મેડીકલ પ્રેકટીસનર એકટની કલમ-૩૦, ૩૩ મુજબનાં ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામે રજુ મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલ દવાઓ તથા મેડીકલનાં સાધનોનો જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, ભરૂચ/તાલુકા આરોગ્ય અધિકારીશ્રી, વાગરાની દેખરેખ હેઠળ યોગ્ય નિકાલ કરવાનો આથી હુકમ

કરવામાં આવે છે.

**(૩)** સી. આર. પી. સી. કલમ–૪૩૭(એ) અન્વયે આરોપીના જામીન તથા જાત મુચકરો અપીલના સમયે માટે લંબાવી આપવા અથવા જો જામીનદાર ઉપલબ્ધ ન હોય તો આરોપીએ અપીલના સમય માટે રૂા. ૫૦૦૦/– નાં નવા જામીન તથા એટલી જ રકમનો જાત મુચરકો આપવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજરોજ **તારીખ : ૧૦ મી, માહે : એપ્રીલ, સને : ૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| તા. ૧૦/૦૪/૨૦૨૬<br>સ્થળ : વાગરા | **( એસ. બી. દેવડા )**<br>ન્યાયિક મેજિસ્ટ્રેટ<br>પ્રથમ વર્ગ, વાગરા.<br>કોડ નં.જી.જે.–૦૧૬૧૪ |